Signature of Invigilators

1. ..................................

2. ..................................

# GUJARATI
## Paper - III
## ગુજરાતી પેપર - III

Roll No. ☐☐☐☐☐
(In figures as in Admit Card)

Roll No. ..................................
..................................
(in words)

**JY–06/06**

Name of the Areas/Section (if any)...............

**Time Allowed : 2-1/2 hours]** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. Write name of your Elective/Section if any,
3. Answer to short answer/essay type questions are to be written in the space provided below each question or after the questions in test booklet itself. No additional sheets are to be used.
4. Read instructions given inside carefully.
5. Last page is attached at the end of the test booklet for rough work.
6. If you write your name or put any special mark on any part of the test booklet which may disclose in any way your identity, you will render yourself liable to disqualification.
7. Use of calculator or any other Electronics Devices are prohibited.
8. There is no negative marking.
9. You should return the test booklet to the invigilator at the end of the examination and should not carry any paper outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.
૨. તમે જે વિકલ્પનો ઉત્તર આપો તેનો સ્પષ્ટ નિર્દેશ કરો.
૩. ટૂંકનોંધ કે નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તર દરેક પ્રશ્નની નીચે આપેલી જગ્યામાં જ લખો. વધારાના કોઈ કાગળનો ઉપયોગ કરશો નહીં.
૪. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.
૫. આ ઉત્તરપોથીમાં અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.
૬. આ ઉત્તરપોથીમાં ક્યાંય પણ તમારી ઓળખ કરાવી દે એવી રીતે તમારું નામ કે કોઈ ચોક્કસ નિશાની કરી હશે તો તમને આ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
૭. કેલક્યુલેટર અથવા ઈલેક્ટ્રોનિક્સ સાધનો નો ઉપયોગ કરવો નહીં.
૮. નકારાત્મક ગુણાંકપદ્ધતિ નથી.
૯. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તરપોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈ પણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.

**FOR OFFICE USE ONLY**
**MARKS OBTAINED**

| Question Number | Marks Obtained | Question Number | Marks Obtained | Question Number | Marks Obtained |
|---|---|---|---|---|---|
| 1. | | | | | |
| 2. | | | | | |
| 3. | | | | | |
| 4. | | | | | |
| 5. | | | | | |
| 6. | | | | | |
| 7. | | | | | |
| 8. | | | | | |
| 9. | | | | | |
| 10 | | | | | |
| 11. | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

Total Marks obtained ..............................

Signature of the co-ordinator ..........................
(Evaluation)

SEAL

# GUJARATI
## Paper - III
## ગુજરાતી પેપર - III

## SECTION - I

નીચે આપેલા પરિચ્છેદનો અભ્યાસ કરી પ્રશ્નોના ઉત્તર લખોઃ (દરેક જવાબ ૩૦ શબ્દમાં હોવો ઘટે).

**5 x 5 = 25**

વિશાળ લોકસમુદાયને આનંદ સાથે જ્ઞાન અને ઉપદેશ આપવાની દષ્ટિથી લખાયેલી આવી વાર્તાઓમાં એના રચયિતાઓ લોકોનાં રસ અને રુચિની કક્ષાએ ઊતર્યા હોય છતાં એની માઠી અસર વાર્તાઓમાં પડી હોય એમ દેખાતું નથી. આવી વાર્તાઓ ઉપરથી મધ્યકાલીન પ્રજાની સંસ્કારિતાના સ્વરૂપનો અને પ્રજાના સામાન્ય જીવનનો ખ્યાલ આવે છે. એમાં જે સમાજજીવન નિરૂપાય છે એ મોટેભાગે તો પરંપરાગત છે. એમ છતાં એમાંના કેટલાક અંશો કર્તાનાં દેશકાળ અને સમાજસ્થિતિનો પરિચય કરાવે છે. સામાન્ય રીતે વર્ણાંતર લગ્નો, પ્રથમ દષ્ટિએ પ્રેમ, સ્ત્રીઓની વિદગ્ધતા આદિ આવી વાર્તાઓના અંશો મધ્યકાલીન ગુજરાતના સામાજજીવનનું પ્રતિબિંબ પાડતા નથી. તે ઉપરાંત પણ પરંપરાનાં સાધનોથી આવો વાર્તાલેખક એક અલબેલી અદ્‌ભુત રસિક સૃષ્ટિનું સર્જન કરે છે. અને છતાં તેમાંના કેટલાક અંશો એના જમાનાનાં લોકજીવન, માન્યતાઓ, શ્રદ્ધાઓ આદિને પ્રતિબિંબિત કરે છે. અનેક કારણોસર મધ્યકાલીન કથાકાર પોતાના પરિવેશને અતિક્રમી શક્યો નથી. બાળલગ્નના રિવાજનું દુર્ભેદ્ય આધિપત્ય સમાજમાં હતું અને કુંવારી પુત્રી માતાપિતાને માટે ચિત્તને સતત કોરી ખાનારી ચિંતા હતી તેથી શામળની વાર્તાની નાયિકાની સરેરાશ ઉંમર બારેક વર્ષની દેખાય છે. 'ઉદ્યમકર્મસંવાદ'ની નાયિકા સૌથી નાની સાત વર્ષની છે તો 'પંચદંડ'ની નાયિકા સૌથી મોટી સોળ વર્ષની છે. પુત્રીના હાથ પીળા કરવાની માબાપની ચિંતા અને કિશોરાવસ્થામાં જ યૌવનની ઉન્મત્તતા બતાવવા માંડતી મોટા ભાગની નાયિકાઓ અને એમનાં લગ્ન આથી જ શૃંગારપ્રધાન વાર્તાઓમાં એક મોટો કથાંશ બન્યાં છે. આવી નાયિકાઓ પતિગૃહે તો વયમાં આવતાં જ મોકલાતી. બાળલગ્નને સમાન્તર રીતે જ પ્રચલિત એવું વૃદ્ધ લગ્ન પણ કેટલીક વાર્તાઓમાં ડોકાયું છે. 'પંચદંડ'ની વાર્તામાં શ્યામકુંવરને વૃદ્ધ પતિ મળતાં એ પોતાના ઘરમાં ભરાયેલા તસ્કર સાથે વ્યભિચાર કરે છે. વાર્તાઓની નાયિકાનું કામોન્મત્ત પ્રાગલ્ભ્ય જેમ આલેખનરૂઢિનું પરિણામ છે તેમ જાતીય આવેગોનું અસંયમી અને અવિવેકી સંતર્પણ તે વિષમ સામાજિક આચારોનું પરિણામ છે. વહાણે ચડી કમાવા જતા પતિઓની વર્ષો સુધી લંબાતી અનુપસ્થિતિ યૌવનમદની પરાકાષ્ઠાએ પહોંચેલી નાયિકાને લાચારીપૂર્વક સ્ખલનશીલ બનાવતી જણાય છે. દેશદેશાવર સાથેના વેપારના ઉલ્લેખો અને જ્ઞાતિવ્યવસ્થાની જડતા દઢતા તથા તે કારણે વાર્તાનાં પાત્રોને ભોગવવી પડતી હાડમારી અને ક્વચિત તેની સામેનો પ્રતિકાર ઘણી વાર્તાઓમાં આવે છે. આ સામાજિક પરિવેશમાંનું ઘણું તત્કાલીન સમાજનું જ પ્રતિબિંબ છે એમ કહી શકાય, તેમ છતાં એનું ચિત્રણ એટલું બધું એકવિધ હોય છે કે એમાંથી ચોક્કસ વિશિષ્ટતાઓ તારવી કાઢવાનું કૈંક મુશ્કલ બને.

1. આ વાર્તાઓમાં કઈ સામાજિક સ્થિતિનો પરિચય થાય છે ?

2. ક્યાં કારણોસર મધ્યકાલીન કથાકાર પોતાના પરિવેશને અતિક્રમી શક્યો નથી ?

3. આ વાર્તાઓમાં સામાન્ય રીતે શેનો પ્રતિકાર જોવા મળે છે ?

4. આ વાર્તાઓ સામાન્યપણે કઈ દૃષ્ટિથી લખાયેલી છે ?

5. શૃંગારરસપ્રધાન વાર્તાઓમાં મોટો કથાંશ કયો જોવા મળે છે ?

## SECTION - II

નીચે આપેલા પંદર પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તરો લખો (પ્રત્યેક ઉત્તર ૩૦ શબ્દોમાં હોવા ઘટે)

**15 x 5 = 75**

6. સૉનેટનાં ત્રણ મહત્ત્વનાં લક્ષણો આપો.

7. જગન્નાથે આપેલી રમણીયતાની વ્યાખ્યા સમજાવો.

8. મમ્મટે ગણાવેલાં કાવ્યનાં છ પ્રયોજનો કયાં છે ?

9. લોન્જાઈનસે દર્શાવેલા ઉદાત્તતાના પાંચ સ્ત્રોત કયા છે ?

10. બળવન્તરાય ઠાકોરને મતે વિચારપ્રધાન કવિતા એટલે શું ?

11. ટૂંકીવાર્તાનાં ત્રણ લક્ષણો દર્શાવો.

12. ગુજરાતીમાં પ્રકાશિત લોકસાહિત્યના પાંચ ગ્રંથોનાં નામ આપો.

13. ગુજરાતીમાં પ્રયોજાતા પાંચ સંસ્કૃત તદ્‌ભવ શબ્દો જણાવો.

14. 'વિશ્વસાહિત્ય' એટલે શું ?

15. પાંચ પ્રતીકવાદી કવિઓનાં નામ આપો.

16. વિવૃત સ્વર એટલે શું ? પાંચ શબ્દો આપો.

17. 'સરસ્વતીચન્દ્ર' નવલકથાના ચારે ય ભાગોનાં પેટા શીર્ષકો જણાવો.

18. ‘આત્મકથા’ અને ‘જીવનકથા’ વચ્ચેનો તફાવત સમજાવો.

19. ‘યુલિસિસ’, ‘મદનમોહના’, ‘ક્યાં’ ? ‘પ્રાગૈતિહાસિક અને શોકસભા’અને ‘હયવદન’ કૃતિના સાહિત્ય પ્રકાર જણાવો.

20. ‘કલ્પન’ ની સમજૂતી આપો.

## SECTION - III

આ વિભાગમાં પાંચ પ્રશ્નોનું એક એવાં પાંચ પ્રશ્ન જૂથો છે. કોઈપણ એક પ્રશ્ન જૂથ (૨૧ થી ૨૫) પસંદ કરી એના પ્રશ્નોના ઉત્તરો (પ્રત્યેક પ્રશ્નોત્તર ૨૦૦ શબ્દોમાં હોય એ રીતે) લખો : **12 x 5 = 60**

21. કુંતકે આપેલી કાવ્યવ્યાખ્યા સમજાવો.

22. શબ્દ પરિવર્તન એટલે શું ? ગુજરાતી ભાષાના સંદર્ભમાં ચર્ચો.

23. 'નવ્ય વિવેચન' (ન્યૂ ક્રિટિસિઝમ) એટલે શું ?

24. સુરેશ જોષીનું 'સરસ્વતીચન્દ્ર' વિશેનું મંતવ્ય જાણાવો.

25. કૌતુકપ્રિયતાવાદ (રોમેન્ટિસિઝમ) એટલે શું ?

**અથવા**

21. તુલનાત્મકસાહિત્યનું સ્વરૂપ સમજાવો.

22. 'વિશ્વસાહિત્ય' એટલે શું ? વિશ્વસાહિત્યની કોઈપણ એક કૃતિનો પરિચય કરાવો.

23. સાહિત્યિક સંશોધન એટલે શું તે સમજાવો.

24. મધ્યકાલીન સાહિત્યના સમ્પાદનના પ્રશ્નો જણાવો.

25. જયન્ત કોઠારીના સંશોધનકાર્યનો પરિચય કરાવો.

**અથવા**

21. 'આંગળિયાત' નવલકથાની વિશેષતાઓ જણાવો.

22. 'અંગત' માં કવિ રાવજી પટેલની લાક્ષણિકતાઓ જણાવો.

23. વિષયવસ્તુને આધારે 'હયવદન'નું મૂલ્યાંકન કરો.

24. મહાભારતનાં મુખ્ય નારીપાત્રો વિશે નોંધ લખો.

25. સામાજિક વાસ્તવના સંદર્ભમાં 'ગોદાન'નવલકથાની ચર્ચા કરો.

**અથવા**

21. 'ધ્વનિ' (રાજેન્દ્ર શાહ) નાં સૉનેટ કાવ્યો વિશે પરિચયાત્મક નોંધ લખો.

22. 'આત્મકથા' (સત્યના પ્રયોગો) નો પરિચય કરાવો.

23. 'એ ડોલ્સ હાઉસ' માં નિરુપાયેલી સામાજિક સમસ્યાનું વર્ણન કરો.

24. 'ધી આઉટસાઈડર'ના નાયકની વ્યક્તિમત્તા વિશે નોંધ લખો.

25. ધૂમકેતુની વાર્તાઓમાં ભાવનાતત્ત્વનું આલેખન.

**અથવા**

21. લલિત નિબંધ (અંગત નિબંધ)નું સ્વરૂપ સમજાવો.

22. 'ફાગુ' કાવ્યનાં લક્ષણો વર્ણવો.

23. ગુજરાતી કાવ્યસાહિત્યમાં પદ્યનાટકની મથામણ : ટૂંક નોંધ લખો.

24. ગુજરાતીમાં લોકગીતો ...... પરિચયાત્મક નોંધ લખો.

25. આપણી ઐતિહાસિક નવલકથાના વિકાસની રૂપરેખા આપો.